પૂર્વછાયો- કહું લીળા વળી લાલની, જે કરી હરિ અવિનાશ ।
સંત સમીપે રાખિયા, રાજી થઇ ષટમાસ ॥૧॥
તેહમાંહિ જેજે કર્યું, તે કહું સાંભળજયો જન ।
ચરિત્ર સુણતાં શ્યામનાં, વળી થાય પરમ પાવન ॥૨॥

ચોપાઇ- ઘણું રહ્યા છે ગઢડામાંઇ, કરી હુતાશની વળી ત્યાંઇ ।
ઉષ્ણઋતુ વીતિ એહ ઠામ, બહુ રાજી છે સુંદરશ્યામ ॥૩॥
પછી આવિયું ચાતુરમાસું, દુષ્ટે દુષ્ટપણું પરકાશું ।
પછી ત્યાંથી ચાલિયા મોરાર, આવ્યા સારંગપુર મોઝાર ॥૪॥
સાથે હતું સંતનું મંડળ, મહામુક્ત અંતરે અમળ ।

તે સહિત સારંગપુર આવ્યા, ઘણું જન તણે મન ભાવ્યા ॥૫॥
ભકત ભાવિક જીવો ખાચર, હરિ ઉતરિયા તેને ઘેર ।
સુંદર ભોજન કરી રસાળ, જમ્યા નાથ જમાડ્યા મરાળ ॥૬॥
વળતો આવ્યો અષ્ટમીનો દન, સર્વે વ્રત રહ્યા મુનિજન ।
પછી પોતે પધારિયા બાર, આવ્યાં દર્શને બહુ નરનાર ॥૭॥
સુંદર ગાડલે પલંગ ઢાળી, તે ઉપર બેઠા વનમાળી ।
કરે ઉત્તર પ્રશ્ન ત્યાં અતિ, શ્વેત વસ્ત્રે શોભે છે મૂરતિ ॥૮॥
દિયે દર્શન પ્રસન્ન ઘણું, નિર્ખિ હર્ષે મન જનતણું ।
એમ અષ્ટમી ઉત્સવ કીધો, જને લાવ અલૌકિક લીધો ॥૯॥
જને રાખ્યાતાં નિયમ જુજવાં, ઉપવાસ અલુણાં જમવાં ।
તેને પ્રભુજીએ કહ્યું કથી, તમે વાલા છો મને આજથી ॥૧૦॥
પછી પરમહંસને કાજે, કરી રસોઈ સુંદર સાજે ।
પોતે પીરશ્યું પંગત્યમાંઈ, કરી વાત તે હેતની ત્યાંઈ ॥૧૧॥
સર્વે સંતે એ વાત સાંભળી, ગયા ફરવા બાંધી મંડળી ।
બીજા આવ્યા હતા હરિજન, તે પણ ગયા પોતાને ભવન ॥૧૨॥
પોતે રહ્યા સારંગપુર ગામ, સંત ગયા કાંઈ રહ્યા એ ઠામ ।
જોઈ મરજી મહારાજ કેરી, સંત આવે જાય વારિફેરી ॥૧૩॥
વીતિ ગયો તિયાં દોઢ માસ, નિત્ય દર્શન કરતાં દાસ ।
કર્યો સમૈયો સારો મોહને, શ્રાવણવદી અષ્ટમીને દને ॥૧૪॥
પછી પધાર્યા ગઢડે નાથ, સંત લીધા છે સરવે સાથ ।
રહ્યા દન દશ એહ ઠામે, પછી આવ્યા કારિયાણી ગામે ॥૧૫॥
સુણી સતસંગી સહુ આવ્યા, પાયે લાગી ઘેરે પધરાવ્યા ।
આપી આસન કરાવી રસોઈ, જમ્યા હરિ ભાવ તેનો જોઈ ॥૧૬॥
પછી જમાડીયા મુનિજન, એમ આનંદે વિત્યો એ દન ।
નિત્ય નાથ દિયે દરશન, થાય ઉત્તર ને પરશન ॥૧૭॥
એમ કરતાં વીત્યા કાંઈ દન, બોલ્યા પ્રભુજી થઈ પ્રસન્ન ।
આસુના દિન કેટલા ગયા, ક્યારે આવશે દશમી વિજ્યા ॥૧૮॥

ત્યારે બોલિયા વસતો ખાચર, છે નજીક કહી જોડ્યા કર ।
નાથ માગું છું એક વચન, આપો આગન્યા થઈ પ્રસન્ન ॥૧૯॥
કરો ઉત્સવ દશરાતણો, તેડો સંત તો હું રાજી ઘણો ।
એવું સુણીને બોલિયા નાથ, સારું તેડાવો સંતનો સાથ ॥૨૦॥
પછી સંત આવ્યા સહુ મળી, હતી દેશોદેશ જે મંડળી ।
આવી લાગ્યા પ્રભુજીને પાય, નિર્ખી હર્ષ હૈયામાં ન માય ॥૨૧॥
પછી નાથે જોયું સંત સામું, પુરી નિજ સેવકની હામું ।
પછી બોલિયા જગજીવન, સંતો આજ ઉત્સવનો દન ॥૨૨॥
ગાઓ ગરબી ઉત્સવ કરો, આજ અંગમાં આનંદ ભરો ।
પછી સંતે ઉત્સવ આદર્યો, સારો સમૈયો સુંદર કર્યો ॥૨૩॥
પછી રૂડી કરાવી રસોઈ, જમ્યા જીવન ને જન સોઈ ।
પછી સંત રાખ્યા નિજસાથ, દિયે દરશન પ્રસન્ન નાથ ॥૨૪॥
ત્યાં આવ્યા દિવના હરિજન, વણિક પ્રેમબાઈ પાવન ।
લાવ્યાં પોશાગ પ્રભુને કાજે, પહેર્યો પાસે જઈને મહારાજે ॥૨૫॥
સુરવાળ જામો ને પાઘડી, રેંટો ફેંટો ચકમો ચાખડી ।
ધર્યું છત્ર છબિલાને શીશ, ઘણે પ્રેમે પૂજ્યા જગદીશ ॥૨૬॥
પછી પ્રભુજી થયા પ્રસન્ન, આવી બેઠા પોતાને આસન ।
ભટ્ટ દીનાનાથ બડભાગ્ય, આપ્યો વાલે તેને એ સુવાગ્ય ॥૨૭॥
એમ કરતાં આવી દિવાળી, ત્યારે બોલ્યા વાલો વનમાળી ।
આતો આવ્યો ઉત્સવ અન્નકૂટ, કરવો સારો ન રાખવી ખોટ ॥૨૮॥
જાઓ લાવો સુખડિયા આ ઘડી, કરાવો બહુ ભાત્યે સુખડી ।
જેમ કહ્યું છે જગજીવન, જોઈ મરજી કર્યું તેમ જન ॥૨૯॥
કરી દીપમાળા બહુ સારી, મધ્યે બેઠા છે પોતે મુરારી ।
પહેરી સુરવાળ જામો જરી, શિર બાંધી છે પાઘ સોનેરી ॥૩૦॥
કંઠે પહેર્યા છે ફુલના હાર, જુવે જન કરી મન પ્યાર ।
હસિહસિ જુવે હરિ સામું, પૂરે જનના મનની હામું ॥૩૧॥
પછી બોલિયા શ્રીમહારાજ, સંતો ગાઓ ને ગરબી આજ ।

પછી સંત થયા સાવધાન, રચ્યો રાસ કર્યું બહુ ગાન ॥૩૨॥
પછી રિઝી બોલ્યા અલબેલ, સંતો ખૂબ કરો આજ ખેલ ।
એમ કહીને ખેલ ખમાડ્યો, જનને મન મોદ પમાડ્યો ॥૩૩॥
એમ કરતાં વિતિ મધ્ય રાત, વાલે કરી બહુ બહુ વાત ।
પછી પોઢીયા પ્રાણજીવન, સંત ગયા આપણે આસન ॥૩૪॥
એમ કરતાં થયું સવાર, પોઢી જાગીયા પ્રાણઆધાર ।
દીધાં સંતને દર્શન દાન, બેસી પર્યંક પર ભગવાન ॥૩૫॥
પછી કરાવિયો અન્નકોટ, શાક પાક ને અન્ન અબોટ ।
ભાત્ય ભાત્યની સુખડી સારી, બહુભાત્યે તળી તરકારી ॥૩૬॥
જમ્યા પ્રેમેશું પોતે જીવન, પછી જમાડીયા સર્વે જન ।
પોતે પિરશ્યું પંગત્યમાંય, કર્યા સંત રાજી બહુ ત્યાંય ॥૩૭॥
એમ કર્યો ઉત્સવ આનંદે, લીધું સુખ બહુ સંત વૃંદે ।
થાય રસોઇ નિત્ય નવલી, એકએક થકી ઘણું ભલી ॥૩૮॥
એમ વીતિ ગયા ત્રણ માસ, રાખ્યા સંત સરવેને પાસ ।
પછી એક દિવસે મહારાજે, મૂળા મંગાવ્યા સંતને કાજે ॥૩૯॥
કૈક સંતને આપિયા હાથે, બીજા ઉછાળી નાખિયા નાથે ।
લીધા જને જાણી પરસાદી, ઉઠ્યા સંત મોટા મરજાદી ॥૪૦॥
કર્યો ઉત્સવ અનુપમ જાણો, આસોવદી દિવાળી પ્રમાણો ।
કર્યો કારિયાણી માંહી સંતે, કરાવ્યો ભાવે ભક્ત વસતે ॥૪૧॥
બહુ લીળા કરી એહ ઠામ, પછી ત્યાંથી ચાલ્યા સંત શ્યામ ।
બહુ સત્સંગી બોટાદમાંય, રહ્યા રાત્ય એક હરિ ત્યાંય ॥૪૨॥
જમી જીવને જમાડ્યા જન, પછી ત્યાંથી ચાલ્યા ભગવન ।
મોટા ભક્ત છે સુરોખાચર, આવ્યા ગામ લોયે તેને ઘેર ॥૪૩॥
થયા રાજી બહુ સહુ જન, કરી પ્રભુજીનાં દર્શન ।
અતિ હેતેશું આપ્યા ઉતારા, જેને જેમ ઘટે તેમ સારા ॥૪૪॥
કરી ચાલતી રૂડી રસોયું, દેતાં પાછું વાળી નવ જોયું ।
થાય વૃંતાકનાં શાક ઘણાં, કરેલ શ્રીહરિ હાથતણાં ॥૪૫॥

કરે એકલા ઘૃતમાં શાક, જમે સંત તજી પરો પાક ।
નિજકરે પીરસે છે નાથ, જોરે જોરે જમે સંત સાથ ॥૪૬॥
નિત્ય કરે છે નવલી લીળા, સર્વે સંતને રાખ્યા છે ભેળા ।
એમ કરતાં વીત્યા ઘણા દન, દિધાં જનને બહુ દર્શન ॥૪૭॥
પછી બોલિયા શ્રીમહારાજ, તમે સાંભળો સહુ મુનિરાજ ।
જે દિનાં આવ્યાં અયોધ્યાવાસી, થયું સારું મેં જોયું તપાસી ॥૪૮॥
સતસંગનું જામિયું મૂળ, જ્યારે આવ્યું એ ધર્મનું કુળ ।
એમ કહી બોલાવ્યા બે ભાઈ, આપ્યાં વસ્ત્ર સારાં સુખદાયી ॥૪૯॥
પછી સંત બોલ્યા જોડી હાથ, અતિ સારું થયું કૃપાનાથ ।
એહ આવતાં હરખ્યા છું અમે, તેતો જાણો છો સરવે તમે ॥૫૦॥
ભાઈ આવતાં થઈ ભલાઈ, દુષ્ટ બોલતા રહ્યા લજાઈ ।
હરિજનને હર્ષ ન માય, નિત્યે આનંદ ઉત્સવ થાય ॥૫૧॥
એમ કરતાં આવ્યો વસંત, આવ્યા દર્શને જન અનંત ।
પ્રેમે લાગ્યાં પ્રભુજીને પાય, નાથ નિર્ખિ તૃપ્ત ન થાય ॥૫૨॥
વાલે જાણી ઉત્સવનો દન, પોતે થયા અતિશે પ્રસન્ન ।
પહેરી વસંતી વસન લાલ, લીધો ફાંટમાં ભરી ગુલાલ ॥૫૩॥
નાખ્યો નાથે હાથે જનમાથે, જોઈ લટકાં લીધું સુખસાથે ।
ચડી ગરદી ગુલાલની ઘાટી, ફેંકી ફાંટું બાંય જામાની ફાટી ॥૫૪॥
એમ ઉત્સવ કર્યો આનંદે, જોઈ લાવો લીધો જનવૃંદે ।
પછી મંગાવી પ્રસાદી ઘણી, તર્ત તાજા ગોળ તલતણી ॥૫૫॥
દિધી દાસને દોવટ નાથે, દયા કરી હરિ દોય હાથે ।
એમ કરતા લીળા અપાર, પછી બોલિયા જગદાધાર ॥૫૬॥
બહુ સારો થયો આ સમૈયો, હવે સહુ સંતને શીખ દિયો ।
પછી સંત ગયા આસપાસ, હુતાશનીના ઉત્સવની આશ ॥૫૭॥
પછી આવી છે પૂરણમાસી, લીધી રાકેશ રાહુએ ગ્રાસી ।
મોટું ગ્રહણ થયું મહાભારી, થઈ નિશા અતિશે અંધારી ॥૫૮॥
જ્યારે શુધ્ધ થયો શશિ અંગે, ત્યારે નાવા ચાલ્યા નાથ સંગે ।

ગાડાં ઘોડલાંનો નહિ પાર, ચાલ્યા જન હજારો હજાર ॥૫૯॥
ગાતાં વાતાં નાયા ભદ્રાવતી, પછી આવ્યા આસન પ્રાણપતિ ।
એમ કરે લીળા નિત્ય નાથ, જોઈ સુખી થયા જન સાથ ॥૬૦॥
કર્યો ઉત્સવ આનંદે તે કૈયો, મહાશુદી પંચમી સમૈયો ।
કર્યો ગામ લોયે રૂડી પેર, ભક્ત સુરાખાચરને ઘેર ॥૬૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે હરિચરિત્રે શ્રીહરિએ લોયે વસંતપંચમીનો સમૈયો કર્યો એ નામે સત્યાશિમું પ્રકરણમ્ ॥૮૭